અપીલ અરજી નં.૧૯૨ તા.૨૬–૯–૦૮

અરજદારઃ શ્રી શાંતીબેન પ્રેમાભાઈ પટેલ
સામાવાળાઃકાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાંતીબેન પ્રેમાભાઈ પટેલની તા.૨૫–૮–૦૮ની અરજીથી બમરોલી ગામના જુના સર્વે નંબર ૧૧૮ ના બ્લોક નં.૧૭૭ ની જમીનમાં પાડવામાં આવેલા ચારસોથી વધુ પ્લોટો અને મજકુર પ્લોટોની થતી ઘરવેરાની વસુલાતની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૬–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૯૨/૨૦૦૮–૦૯

શ્રી શાંતીબેન પ્રેમાભાઈ પટેલની ની તા.૨૫–૮–૦૮ની અરજીથી બમરોલી ગામના જુના સર્વે નંબર ૧૧૮ ના બ્લોક નં.૧૭૭ ની જમીનમાં પાડવામાં આવેલા ચારસોથી વધુ પ્લોટો અને મજકુર પ્લોટોની થતી ઘરવેરાની વસુલાતની માહિતી આપવા બાબતે પ્રત્યુતર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૩ તા.૬–૧૦–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.સા.ઝોન/અકણ/૯૩૨ તા.૧૮–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડેલ છે પરંતુ અરજદારે માહિતી પૂરી પાડેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજીથી બમરોલી ગામના જુના સર્વે નંબર ૧૧૮ ના બ્લોક નં.૧૭૭ ની જમીનમાં પાડવામાં આવેલા ચારસોથી વધુ પ્લોટો અને મજકુર પ્લોટોની થતી ઘરવેરાની વસુલાતની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/અકણ/૭૧૪ તા.૬–૯–૦૮ થી બ્લોક નં.૧૭૭ વાળી જમીનમાં ઘણા સર્વે નંબર આવેલ છે ચોકકસ સર્વે નંબર તથા તેના પર બનાવવામાં આવેલ સોસાયટી અંગે સ્પષ્ટ માહિતી આપવા અરજદારને જણાવેલ. અરજદારનો તા.૧૦–૯–૦૮ ના પત્રથી બમરોલી બ્લોક નં.૧૭૭ વાળી જમીનમાં સોસાયટી અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩૦–૯–૦૮ ના પત્રથી માહિતી પૂરી પાડવામાં આવેલ. તેમજ વધુ માહિતી માટે રેકર્ડની ચકાસણી અંગે ઈન્સ્પેકશન કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદારે ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ જણાતો નથી તેમ છતાં પત્ર નં.સા.ઝોન/અકણ/૯૨૬ તા.૧૭–૧૦–૦૮ થી દસ્તાવેજી નકલની ફી રૂા.૧૪૭૨/– જમા કરાવી માહિતીની નકલો મેળવી લેવા અરજદારને જણાવવામાં આવેલ.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૫–૮–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે માહિતી મેળવેલ હોય તેવું જણાતું નથી જેથી અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા અનુસાર નિયત દસ્તાવેજી ફી ભરી માહિતી મેળવી શકે છે. અરજદાર ધ્વારા ચોકકસ માહિતી અંગે સ્પષ્ટતા કર્યા બાદ જાહેર માહિતી અધિકારી ધ્વારા ઈન્સ્પેકશનની તક આપવા સહિત નિયત દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા જણાવેલ હોઈ અપીલ અરજીમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ,....જાણ તથા અમલ માટે
(૨) શ્રી શાંતિબેન પ્રેમાભાઈ પટેલ